લાંબા સમય બાદ જિલ્લાના બે પ્રશ્નો પ્રથમ-દ્વિતીય ક્રમે ગૃહમાં પુછાયા

કોંગી સભ્યોના પ્રશ્નોમાં ભાજપના સભ્યોએ પૂરક પ્રશ્નો કર્યા

દહેગામ તાલુકાના પ્રા.આ.કેન્દ્રોમાં પ્રસુતિની સંખ્યા ઘટી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાનો પ્રશ્ન આજે વિધાનસભા ગૃહમાં ઘણા સમય બાદ પ્રથમ ક્રમે આવ્યો હતો.

વિધાનસભા ગૃહમાં આજે પ્રશ્નોત્તરીના સમયમાં પ્રથમ બે પ્રશ્નો ગાંધીનગર જિલ્લાને લગતા હતા જે બન્ને કોંગ્રેસી ધારાસભ્યો બળદેવજી ઠાકોર અને કામિનીબા રાઠોડે પુછ્યા હતા. આ બન્ને પ્રશ્નોના પેટા પ્રશ્નો ભાજપના ગાંધીનગર (ઉ) અને ગાંધીનગર (દ) ના ધારાસભ્યો શ્રી અશોક પટેલ અને શ્રી શંભુજી ઠાકોરે પુછ્યા હતા. જે એક યોગાનુયોગ ઘટના નોંધાઈ છે.

પ્રથમ પ્રશ્ન સબ જેલને લઈ બળદેવજી ઠાકોરે પુછ્યો હતો તો બીજો પ્રશ્ન કામિનીબા રાઠોડે દહેગામમાં નર્મદા આધારિત પિયતની સુવિધાને લઈ પુછ્યો હતો.

નર્મદા નહેર દ્વારા બાવીસ ગામોને પિયતની સુવિધા બાદ સમગ્ર તાલુકાને આવરી લેવા માટે કામિનીબા રાઠોડે રજુઆત કરી હતી.

નર્મદા વિભાગને લગતા પ્રશ્નનો મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલને બદલે પ્રત્યુત્તર આપતાં શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે ૪૫૮ કિ.મી. લાંબી આ નહેર છે. આને કન્તુર કેનાલ કહીએ છીએ. જે બાજુ ગ્રેવીટીથી છાળવારો વિસ્તાર હોય તે આખી કેનાલમાં તે જ તરફ પાણી આપવાની વ્યવસ્થા છે. કમાન્ડ વિસ્તાર પણ છાળવાળા વિસ્તારની અંદર ગ્રેવીટીથી આપણે પાણી આપીએ છીએ એટલે જે વિસ્તાર ઉંચાળવાળો છે તે વિસ્તારમાં પાણી આપવાનું આયોજન જ નથી.

ભાજપના શ્રી અશોક પટેલના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રી ચુડાસમાએ સ્પષ્ટતા કરી હતી કે દહેગામ તાલુકામાં નર્મદા નહેરથી ઓક્ટો. ૨૦૦૭ થી પાણી આપવામાં આવે છે. આ તાલુકાનો પિયત વિસ્તાર ૭૪૬૮ હેક્ટરનો છે. હાલ ખેડૂતો ૩૪૫૪ હેક્ટરમાં જ પાણી લે છે. બાકીના વિસ્તારમાં આજે પણ ખેડૂતો પાણી લેતા નથી.

● પશુપાલન કીટનું વિતરણ

ભાજપના ધારાસભ્ય શ્રી અશોક પટેલે જિલ્લામાં પશુપાલન કીટના વિતરણ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પશુપાલન મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે ૨૦૧૪ ના કૃષિમહોત્સવ દરમ્યાન જિલ્લાના ૩૧૧ ગામોને આવરી લઈ ૩૧૧૦ જેટલી પશુપાલનની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● જિલ્લાના ૨૯ તળાવને પાણી અપાય છે

ભાજપના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે નર્મદા મુખ્ય નહેર આધારિત પિયજથી ધરોઈ પાઈનથી તળાવોને પાણી આપવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જળસંપત્તિ મંત્રીશ્રીએ જણાવ્યું છે કે ઓક્ટો. ૨૦૦૪ થી આ પાઈપલાઈન કાર્યરત કરવામાં આવેલ છે.

વિધાનસભામાં ગાંધીનગર
- પ્રકાશ જહા

આ પાઈપલાઈનથી કલોલ તાલુકાના ૧૯ અને માણસા તાલુકાના ૧૦ એમ કુલ ૨૯ તળાવોને જોડવામાં આવ્યા છે. અને આ તમામ ગામ તળાવોમાં પાણી આપવામાં આવેલ છે.

● દહેગામના પ્રા.આ. કેન્દ્રોમાં પ્રસુતિઓની સંખ્યામાં ઘટાડો

કોંગીના કામિનીબા રાઠોડે દહેગામ તાલુકાના પ્રા.આ. કેન્દ્રોમાં છેલ્લા બે વર્ષમાં નોંધાયેલ પ્રસુતિઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સરકારે એવો એકરાર કર્યો છે કે ૨૦૧૩-૧૪ ની તુલનામાં ૨૦૧૪-૧૫ માં પ્રસુતિઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે.

૨૦૧૩-૧૪ માં દહેગામ તાલુકામાં આવેલા છ પ્રા.આ. કેન્દ્રોમાં ૪૦૪ પ્રસુતિ નોંધાઈ હતી જેની સામે ૨૦૧૪-૧૫ માં ઘટીને માત્ર ૨૫૯ પ્રસુતિ નોંધાઈ છે.

કડજોદરા, દેવકણના મુવાડા, બહિયલ અને કડાદરામાં ઘટાડો નોંધાયો છે જ્યારે સાણોદા અને સાંપાના પ્રા.આ. કેન્દ્રમાં વધારો જણાયો છે.

રાજ્ય સરકાર સંસ્થાકીય પ્રસુતિની સંખ્યામાં વધારો થાય તે માટે ભરપૂર પ્રયાસો કરી રહી છે ત્યારે જિલ્લાના દહેગામ તાલુકામાં નબળુ ચિત્ર બહાર આવતાં સરકારનું તંત્ર પણ વિમાસણમાં મુકાયું છે.

અને છેલ્લે...

દહેગામ તાલુકામાં ૧૦૦ ટકા સહાયથી બોર મંજૂર કરવાનું કોઈ આયોજન ન હોવાનું જળસંપત્તિ મંત્રીશ્રીએ કામિનીબા રાઠોડના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

શાળા-કોલેજોમાં શૈક્ષણિક સત્રનો આરંભ

વેકેશન પૂર્ણ થતા શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓનો ધમધમાટ શરૂ : દિવાળીના લાંબા વેકેશન બાદ સોમવારથી બધી જ શૈક્ષણિક સંસ્થાઓ શરૂ થઈ ગઈ

ગાંધીનગર, તા. ૧૦

લગભગ એકાદ મહિનાના સમયગાળા બાદ શૈક્ષણિક સંસ્થાઓ પુનઃ વિદ્યાર્થીઓની અવરજવરથી જીવંત બની ઉઠી છે. મોટા ભાગની શાળા-કોલેજોમાં નવા સત્ર-સેમેસ્ટરનો પ્રારંભ થઈ ચુક્યો છે. કોલેજોમાં તો હવે તુરંત જ પરીક્ષાઓ હોઈ વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીમાં જોતરાયા છે.

શાળા-કોલેજોના બીજા સત્રના પ્રારંભ આજથી થયો છે. લગભગ એક માસના લાંબા સમયગાળા બાદ શાળાના મેદાનો વિદ્યાર્થીઓની અવરજવરથી વ્યસ્ત બન્યા છે. છેલ્લા ઘણા દિવસોથી વેકેશન અને રજાનો માહોલ ભોગવી રહેલા વિદ્યાર્થીઓ અને તેમની મમ્મીઓ હવે પુનઃ વ્યસ્ત બન્યા છે. આરામનો સમયગાળો પુરો થતા વિદ્યાર્થીઓ અભ્યાસમાં અને મમ્મીઓ બાળકોને સ્કૂલ મોકલવાની પળોજળમાં જોતરાઈ ગઈ છે. હરવા-ફરવા અને બહારગામ ગયેલા વસાહતીઓ વેકેશન પૂર્ણ થયા બાદ પરત આવી જતા સેક્ટરોમાં પણ અવરજવર વધી ગઈ છે. સુના સેક્ટરોમાં વસાહતીઓની અવરજવર વધી છે. કોલેજોમાં તો વેકેશન બાદ એકાદ અઠવાડિયામાં જ પરીક્ષાઓ લેવાશે. મોટાભાગની કોલેજોમાં પરીક્ષાઓની તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. કોલેજના વિદ્યાર્થીઓ અભ્યાસમાં વ્યસ્ત બન્યા છે.

શાળા-કોલેજોની સાથે સાથે સરકારી કચેરીઓ પણ રજાના માહોલમાંથી ઘણા દિવસો બાદ બહાર આવી છે. દિવાળીની રજાઓ પછી પણ છેલ્લા અઠવાડીયાથી ઘણી રજાઓ આવી હોવાથી આજે સોમવારે સરકારી કચેરીઓમાં બધો સ્ટાફ જોવા મળ્યો હતો અને વહીવટીતંત્રમાં તેજી આવી હતી.

નિકાલ હેઠળના તમામ મકાનો તોડવાનું કામ ટૂંકમાં શરૂ થશે

જોખમી આવાસો તોડવા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાઈ

ગાંધીનગર, તા.૧૦

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી પાડવા આખરે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાતા આગામી સપ્તાહ બાદ કામગીરી શરૂ કરાશે. વાઈબ્રન્ટ સમિટ પૂર્વે નિકાલ હેઠળના મકાનો તોડવાનું મોટા ભાગનું કામ પૂર્ણ કરી દેવાશે.

નિકાલ હેઠળના મકાનો તોડવાનો નિર્ણય લેવાયા બાદ આખરે ટૂંકમાં જ આ કામગીરી શરુ કરી દેવાશે. શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના આવાસો પૈકી વર્ષ ૨૦૦૫માં નિકાલ હેઠળના જાહેર કરાયેલા ૧૯૦૪ જેટલા મકાનોનો નિકાલ કરવાના મામલે છેલ્લા એક દાયકાથી નિર્ણય લેવાતો ન હતો.જ્યારે નિકાલ હેઠળના મકાનોની જોખમી સ્થિતિ તંત્રના અધિકારીઓ માટે પણ મુંઝવણનો વિષય બની હતી. થોડા સમય અગાઉ ઉચ્ચ કક્ષાએ રજૂ થયેલા પ્રેઝન્ટેશન અને બેઠકના અંતે આ મકાનો તોડી પાડવાનો નિર્ણય લેવાતા લાંબા સમયના અંતે ખંડેર બનતા આવાસોના નિકાલ માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. શહેરમાં સે-૭, ૧૩, ૨૮, ૨૯, ૩૦ અને સે-૬ સહીતના વિસ્તારોમાં સ્થિત આ જોખમી આવાસો તોડી પાડવા તંત્ર દ્વારા ઓનલાઈન ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા મુજબ સપ્તાહમાં ટેન્ડર આખરી થયા બાદ ટૂંકમાં જ આવાસો તોડવાનું કામ શરુ કરી દેવાશે. વાઈબ્રન્ટ સમિટ પૂર્વે મોટાભાગના જોખમી આવાસો તોડી પાડવામાં આવશે.

સે-૧ ૬ના રહેણાંકમાં અચાનક આગ ભભૂકી

ટીવી-કપડાં, તિજોરી,કબાટ, ટીવી વગેરે ઘરવખરીનો સામાન આગમાં બળીને ખાખ : કોઈ જાનહાની નહી

ગાંધીનગર, તા.૧૦

શહેરના સે-૧ ૬માં એક સરકારી રહેણાંક મકાનમાં આજે બપોરના સુમારે અચાનક જ કોઈ કારણસર આગ ભભૂકી ઉઠી હતી. જેમાં ઘરવખરીનો કેટલોક સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ આગને કાબુમાં લીધી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સેકટર-૧ ૬માં સ્થિત સરકારી રહેણાંક મકાન બ્લોક નં. ૯૧/૯માં નયનસિંહ ડાભી પોતાના પરિવારજનો સાથે રહે છે. દરમિયાન આજે બપોરે તેમના મકાનના અંદરના રુમમાં અગમ્ય કારણોસર અચાનક જ આગ ભભૂકી ઉઠી હતી. જોત જોતામાં આગની જવાળાઓ ખતરનાક બનતા પરિવારજનો ઘરની બહાર દોડી આવ્યા હતા અને બાદમાં પલંગ, કબાટ, તિજોરી, ટીવી વગેરે ઘરવખરીનો સામાન બળીને આગમાં ખાખ થઈ ગયો હતો.

● અનુસંધાન પાન-૭ પર

વિધાનસભાના અધ્યક્ષપદે ગણપત વસાવા

ગૃહના સભ્યોએ પાટલી થપથપાવીને વરણીને આવકારી

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે આજે ગણપતભાઈ વસાવાની સર્વાનુમતે વરણી કરવામાં આવતાં તેમણે પોતાના નવા હોદ્દાનો પદ ભાર સંભાળ્યો હતો.

વિધાનસભાના અધ્યક્ષપદ ખાલી પડતા આ પદ માટે ભાજપ પક્ષ દ્વારા રાજયના વનમંત્રી ગણપતભાઈ વસાવાના નામ પર પસંદગી કરતા તેમણે ગત સાતમીના રોજ અધ્યક્ષપદ માટે ઉમેદવારી પત્ર ભર્યું હતું. વિપક્ષ કોંગ્રેસે પણ તેમના નામને ટેકો આપ્યો હતો.

આજથી શરૂ થયેલા વિધાનસભા સત્રના પ્રથમ દિને અધ્યક્ષપદની ચૂંટણીની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ગૃહના નેતા અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે વિધાનસભાના અધ્યક્ષ તરીકે ગણપતભાઈ વસાવાને પસંદ કરવામાં આવે તેવો પ્રસ્તાવ રજુ કર્યો હતો. આ પ્રસ્તાવને વિપક્ષ કોંગ્રેસે પણ સમર્થન આપતાં સર્વાનુમતે પ્રસ્તાવનો સ્વીકાર કરવામાં આવ્યો હતો અને સભ્યશ્રી ગણપતભાઈ વસાવાની સર્વાનુમતે વિધાનસભાના અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી હતી.

સર્વાનુમતે વરણી કરવામાં આવતાં ગૃહના નેતા અને મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ સભ્યશ્રી ગણપતભાઈ વસાવાને તેમની પાટલીએથી અધ્યક્ષની ખુરશી સુધી દોરી ગયા હતાં અને ગણપતભાઈ વસાવાએ અધ્યક્ષપદનો પદ ભાર સંભાળ્યો હતો. આ સમયે ગૃહના સભ્યોએ પાટલીઓ થપથપાવીને તેમની નિમણુંકને આવકારી હતી અને શુભેચ્છાઓ પાઠવી હતી.

પેથાપુર-મહુડી માર્ગના પ્રોજેકટને ઉત્તર ગુજરાત વીજ કંપનીનું ગ્રહણ

રૂટમાં આવતા ૧૫૦ જેટલા લાઈટીંગ પોલ્સ ન હટાવાતા ફોરલેન બનાવવાની કામગીરી મંદ

ગાંધીનગર, તા.૧૦

પેથાપુર-મહુડી માર્ગને ફોરલેન બનાવવાની કામગીરીમાં હાલ ઉત્તર ગુજરાત વીજ કંપનીનું ગ્રહણ લાગ્યું છે. આ રૂટમાં આવતા ૧૫૦ જેટલા ઈલેકટ્રીકના પોલ્સ દૂર કરવામાં ઢીલ થતા ડામર કામ ચાલુ થઈ શકયું નથી. જયારે વૃક્ષો કાપવાની કામગીરી પણ ધીમે થતી હોવાથી રોડ નેટવર્કનું કામ ગતિમાં આવતું નથી.

પવિત્ર તીર્થ ધામ મહુડીને અનુલક્ષીને પેથાપુર-મહુડી માર્ગને ફોરલેન બનાવવાની કાર્યયોજના હાથ ધરવામાં આવી છે. આ કામગીરી પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. આમ છતાં માર્ગ નવીનીકરણની આ યોજનાનું કામ ઝડપભેર થઈ શકતું નથી. અગાઉ આ રૂટમાં આવતા વૃક્ષો કાપવાની મંજુરી માટે વન વિભાગ સામે દરખાસ્ત પેન્ડીંગ રહેતા લાંબા સમય સુધી કામ અટવાયું હતું. આખરે વૃક્ષો કાપવાના મામલે મંજુરી અપાયા બાદ કામ આગળ વધ્યું હતું. માર્ગને ફોરલેન બનાવવા અન્વયે કાચુ કામ પૂર્ણ થયું છે. પરંતુ રૂટમાં આવતા ઈલેકટ્રીકના પોલ્સ પણ દૂર ખસેડવામાં ઢીલ થતા કામગીરીમાં ફરી વિલંબ ઉભો થયો છે. વિભાગ કક્ષાએથી પણ આ મામલે ગાંધીનગર તેમજ વિજાપુર ઉત્તર ગુજરાત વીજ કંપની લી. સમક્ષ રજુઆત કરવામાં આવી છે. બીજી તરફ આ રૂટમાં આવતા વૃક્ષો કાપવાની કામગીરી પણ મંદગતિએ ચાલી રહી છે. પેથાપુર-મહુડી માર્ગને ફોરલેન બનાવા અત્યાર સુધી કાચુ કામ પૂર્ણ થયું છે પરંતુ વૃક્ષો તેમજ ઈલેકટ્રીકના પોલ્સ દૂર કરવામાં વિલંબ થતા કામગીરી મંદ પડી ગઈ છે. સંબંધિત વિભાગ દ્વારા ત્વરિત પગલા લેવાય તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

Y.A. MANSURI - M. : 9824049503
SANJAY S. SHAH
P. Manubhai Medical
Since 1986
॥ अभय ॥
GOVT. APPROVED CONTRACTOR
FEEL FREE, BE FEARLESS
• Corporate Gathering • Exhibitions • Celebrations • Marriage • Reception • Parties • Seminars
ISO 9001:2008
ABHAY DECORATORS
CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194, B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-26, Gandhinagar. Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com, www.abhaydecorators.com

National Productivity Council
National Productivity Council
E-5, GIDC, Electronics Estate, Sector-26, Gandhinagar-382028 Off. Ph : (079) 2328734

TENDER

National Productivity Council (NPC), Gandhinagar, Intends to make about 3000 coloured booklets on the topic Material Flow Cost Accounting (MFCA). Each booklet is about 85 pages. In this regard, interested agencies may contact NPC, Gandhinagar to get further details of the printing aspects and booklet making. A nominal fee of Rs. 200/- (Rupees Two Hundred only) has to be paid towards obtaining the MFCA sample booklet from NPC, and quotation format. These document may be collected fro NPC, Gandhinagar office between 10-30 am to 4-30 pm. Last date of obtaining quotation format 18-11-2014. The filled in quotations need to be submitted in sealed envelope latest 20-11-2014 before 17.00 hours.

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૨-૧૧-૧૪, બુધવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૯-૦૦ કલાકથી સાંજના ૧૭-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૨/ડી સબ સ્ટેશન

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com